# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited **Grade A** by NAAC*


**વિષય :-** રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલનો ઉપયોગ કરવા બાબત.

**સંદર્ભ :-** ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૦૮/૧૧/૨૦૧૭ના પત્ર ક્ર. નં.હ-૨/સ્કો/૨૦૧૭/૩૫૧૧-૪૦૫૫

**પરિપત્ર :-**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર પરત્વે જણાવવામાં આવે છે કે, રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ પર ૨૦૧૭-૧૮ના વર્ષની અરજીઓ ઓનલાઇન કરવાની થાય છે. આ અરજીઓ મોકલવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૭ છે. જેનું એડ્રેસ https://www.digitalgujarat.gov.in છે. આ અંગેની તમામ માહિતી આ સાથે સામેલ પત્રમાં જણાવેલ છે. તો આપને ત્યાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના લાભાર્થે સદર પરિપત્ર આપના નોટીસ બોર્ડ પર મૂકવા તથા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

(મુસદો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે )

સહી/-
(ડૉ. ધીરેન ડી. પંડ્યા )
કુલસચિવ

**બિડાણ :**
સંદર્ભિત પત્ર

નં. એસ.સી.-એસ.ટી. સેલ/૪૯/'૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
યુનિવર્સિટી રોડ,
**રાજકોટ.**
તા.૧૩/૧૧/'૧૭

રવાના કર્યું
નાયબ કુલસચિવ
(એસ.સી.-એસ.ટી. સેલ)

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૩) માન્ય સંસ્થાઓના વડાઓ તરફ..........

**નકલ સાદર રવાના :**
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

**નકલ રવાના :**
(૧) જોડાણ વિભાગ
(૨) પી.જી. વિભાગ

Saurashtra University Mail

registrar Saurashtra University <registrar@sauuni.ernet.in>

# રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃતિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીજીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત

**CHE Mahekam** <che.mahekam@gmail.com>
To: registrar-group-of-gujarat@googlegroups.com, pringc <pringc@googlegroups.com>

Wed, Nov 8, 2017 at 1:45 PM

Respected Sir/Madam,
Please find attached document with this email.

REGISTRAR INWARD DATE
09 NOV 2017
2073
Sau. Uni. Rajkot

**Deputy Director,**
**Commissioner of Higher Education,**
**G.S.,Gandhinagar.**

--
You received this message because you are subscribed to the Google Groups "All Registrar Group of Gujarat" group.
To unsubscribe from this group and stop receiving emails from it, send an email to registrar-group-of-gujarat+unsubscribe@googlegroups.com.
To post to this group, send email to registrar-group-of-gujarat@googlegroups.com.
To view this discussion on the web visit https://groups.google.com/d/msgid/registrar-group-of-gujarat/CAGc%3DDg9nxcWZ_-ZZysuxoVxEY3A7%3DootRVTNzy2nL%3DK2WRnZ0A%40mail.gmail.com.
For more options, visit https://groups.google.com/d/optout.

SCAN_20171108_122804741.pdf
866K

- SC-ST cell
- જોડાણ
- PG

SC-ST Cell
Inward No: 245
Date: 6/11/17
09 NOV 2017
Sau. Uni. Rajkot

JRD HC



ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૭

૩૫૧૧-૪૦૫૫
ક્રમાંકઃ હ–૨/સ્કો/૨૦૧૭/
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા. ૮/૧૧/૨૦૧૭

પ્રતિ,

– ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
– આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..
– જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ..

વિષયઃ– રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત...

સંદર્ભઃ–(૧) શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃએસસીએચ/ ૧૧૧૬/૫૩૯/છ ઉપરના આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરા ક્રમાંકઃહ–૨/સ્કો/ ૨૦૧૭/ ૧૬૦૭–૨૧૩૯

(૨)અત્રેના પત્રાંકઃ કઃહ–૨/સ્કો/ ૨૦૧૭/૨૨૧૩–૨૭૫૬ તા.૭/૯/૨૦૧૭

(૩)અત્રેના પત્રાંકઃ કઃહ–૨/સ્કો/ ૨૦૧૭/૨૮૪૨–૩૩૮૫ તા.૨૯/૯/૨૦૧૭

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉકત સંદર્ભ દર્શિત ઠરાવથી સરકારશ્રીએ શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા અને વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે. જે આપને અગાઉ મોકલી આપવામાં આવેલ છે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને બિન સરકારી શાળા તથા કોલેજોના વિધાર્થીઓ અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતાં વિધાર્થીઓને લાગુ પડતી યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે ઓન લાઈન પોર્ટલ વિકસાવેલ છે. જેનું એડ્રેસ **https://www.digitalgujarat.gov.in** છે. જેથી તેનો ઉપયોગ કરીને સને.૨૦૧૭–૧૮ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવા માટે આ અગાઉ જણાવવામાં આવેલ છે જેમાં અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૭ છે. આ અગાઉ આ બાબતે જણાવવામાં આવેલ છે.

જેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના તાબા હેઠળની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના વિધાર્થીઓ તેમજ સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વિધાર્થીઓ અને યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓ આ શિષ્યવૃત્તિઓનો મહત્તમ લાભ લઈ શકે તે માટે પરિપત્ર કરીને તેમજ જે તે શાળા/કોલેજ/સંસ્થાના નોટિસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ કરીને

તમામ વિધાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવવા અને પાત્રતા ધરાવતો કોઈ વિધાર્થી આ શિષ્યવૃત્તિઓના લાભથી વંચિત ન રહી જાય તે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

તમામ સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના તમામ કેટેગરીના માહે.માર્ચ.૨૦૧૭માં ધો.૧૦ પાસ કરેલ કે જેઓ સને.૨૦૧૭–૧૮ના વર્ષમાં ધો.૧૧માં અભ્યાસ કરે છે તેવા વિધાર્થીઓના તેઓના ધો.૧૦ના પરિણામના આધારે ધો.૧૧માં જ ફ્રેશ તરીકે અને જે વિધાર્થીઓને સને.૨૦૧૬–૧૭ના વર્ષમાં ધો.૧૧માં ફ્રેશ શિષ્યવૃત્તિ મેળવેલ હોય તેવા અને ચાલુ વર્ષ સને.૨૦૧૭–૧૮ના વર્ષમાં ધો.૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓને રીન્યૂઅલના રૂપમાં ફેલોશિપ શિષ્યવૃત્તિ મેળવવા માટે, જે શાળાઓને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરા તરફથી યાદી તથા ફોર્મ મળેલ છે તેઓએ પણ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના શાળા/કોલેજ/યુનિ. કક્ષાએથી સઘન પ્રયત્નો થાય અને સદર કાર્યવાહી તા.૩૦/૧૧/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવા માટે સબંધિતોને સૂચના આપવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

*નકલ સવિનય રવાના :–*

– કમિનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ..
– કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, સેકટર.૯ ગાંધીનગર તરફ જાણ તથા આપના તાબાની સરકારી તેમજ ગ્રાન્ટેડ ઈજનેરી કોલેજોમાં જાણ કરવા સારૂ....
– કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોકનં.૫, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર તરફ જાણ તથા આપના તાબાની સરકારી તેમજ ગ્રાન્ટેડ મેડીકલ, ફાર્મસી કોલેજોમાં જાણ કરવા સારૂ....
– નિયામકશ્રી, આયુર્વેદ અને હોમીઓપેથીની કચેરી, બ્લોકનં.૧, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર જાણ તથા આપના તાબાની સરકારી તેમજ ગ્રાન્ટેડ આયુર્વેદ કોલેજોમાં જાણ કરવા સારૂ...